R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2012-14. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2012-14 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૫ ● તા. ૧૫મી મે, ૨૦૧૩ ● અંક નં. ૧૩

ગુજરાત

# રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

❋સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી ❋ કાર્યવાહક સંપાદક : કે. એ. કરમટા❋ સહસંપાદક : ભરત ડી. રાવલ, પ્રવિણ સોનારીયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

**વેબ સાઇટ : www.gujaratinformation.net** **www.facebook.com/gujaratinformation.official** **Phone No. : 079-232-53440**

## કેન્દ્રીય જાહેર સેવા આયોગ : નવી દિલ્હી

### નેશનલ ડિફેન્સ એકેડેમી એન્ડ નેવલ એકેડેમી એક્ઝામિનેશન (II) - ૨૦૧૩

**ઓનલાઇન**
**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૩-૬-૨૦૧૩**

**જગાઓની કુલ સંખ્યા : ૩૫૫**

એન.ડી.એ.ના આર્મી, નેવી અને એરફોર્સ વિભાગના ૧૩૨માં કોર્સ માટે અને નેવલ ઍકેડેમીના ૯૪માં અભ્યાસક્રમ માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા તા. ૧૧-૮-૨૦૧૩ના રોજ પરીક્ષા લેવામાં આવશે. આ અભ્યાસક્રમ જુલાઇ-૨૦૧૪ થી શરૂ થનાર છે.

| જગાઓની સંખ્યા | |
|---|---|
| ભૂમિદળ | ૧૯૫ |
| નૌકાદળ | ૩૯ |
| હવાઈદળ | ૬૬ |
| નેવલ ઍકેડેમી એક્ઝિક્યૂટિવ બ્રાંચ (૧૦+૨ કેડેટ એન્ટ્રી સ્કીમ) | ૫૫ |
| **કુલ** | **૩૫૫** |

- ઉમેદવાર પોતે જે સેવા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે અંગે ઓન લાઇન અરજીમાં સ્પષ્ટપણે જણાવવું, તેમણે શક્ય તેટલી વધુ પસંદગી દર્શાવવી જેથી તેમના ગુણની ગુણવત્તાના ધોરણે નિમણૂક માટે વિચારણામાં લઈ શકાય. ઉમેદવારે પસંદગી દર્શાવી હશે તે જ સેવાઓમાં નિમણૂક માટે વિચારણા કરવામાં આવશે. તે સિવાયની જગાઓ માટે વિચારાશે નહીં.
- કમિશન ઉમેદવારની ઓન લાઇન અરજીમાં એક વખત દર્શાવેલ પસંદગી ક્રમમાં ફેરફાર કે વધારાની વિનંતી ગ્રાહ્ય રાખશે નહિ.
- કમિશન દ્વારા લેવાનાર લેખિત પરીક્ષાના પરિણામ ઉપરથી ઉપરોક્ત કોર્સમાં -વેશ મળશે. એસ.એસ. બોર્ડ લેખિત પરીક્ષા પસાર કરેલ ઉમેદવારની સામાન્ય જ્ઞાન અને વ્યક્તિત્વ કસોટી લેશે. પરીક્ષાની પદ્ધતિની વિગતો માટે નોટિસનું એપેન્ડિક્સ-I જોવું.
- જો ઉમેદવાર એન.ડી.એ. અને નેવલ ઍકેડેમીમાં જોડાવા માગતા હોય તો તેમણે નેશનલ ડિફેન્સ ઍકેડેમી અને નેવલ ઍકેડેમીમાં -વેશ માટેનું શારીરિક ધોરણ અને નોકરીની સામાન્ય વિગતો વગેરે માટે તા. ૪-૫-૨૦૧૩ના એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં -સિદ્ધ થયેલ કમિશનની નોટિસનું એપેન્ડિક્સ : IV, V જોઈ લેવું.

❒ **પરીક્ષા કેન્દ્રો :**

**પરીક્ષા નીચેનાં કેન્દ્રો ખાતે યોજાશે.**

**LIST OF CENTRES OF EXAMINATION**

| Centre | Centre |
|---|---|
| **Ahmedabad** | Allahabad |
| Bangalore | Bhopal |
| Mumbai | Kolkatta |
| Cuttack | Delhi |
| Dispur | Hyderabad |
| Jaipur | Chennai |
| Nagpur | Deharadun |
| Patana | Shilong |
| Shimla | Srinagar |
| Thiruvanthapuram | Kochi |
| Lucknow | Jammu |
| Chandigadh | Panaji (Goa) |
| Port Blair | Dharwar |
| Madurai | Ranchi |
| Gangtok | Kohima |
| Imphal | Agartala |
| Jorhat | Aizawl |
| Itanagar | Raipur |
| Tirupati | Vishakhapatnam |
| Udaipur | Sambalpur |
| Bareilly | |

**પરીક્ષાની તારીખ : ૧૧-૮-૨૦૧૩**

**નોટિસ નંબર : ૦૮/૨૦૧૩ -NDA-II**

- કમિશનની મનસૂફી મુજબ ઉપરોક્ત પરીક્ષાના કેન્દ્રો તથા તારીખો બદલવાપાત્ર છે. ઉમેદવારોને તેમણે પસંદ કરેલા કેન્દ્ર ફાળવવાનો બધો જ -યત્ન કરવામાં આવશે, છતાં સંજોગોવસાત કમિશન ઉમેદવારોને બીજું કેન્દ્ર આપી શકશે. પરીક્ષા માટે લાયક ઉમેદવારોને સમયપત્રક તથા પરીક્ષા/ પરીક્ષાઓના સ્થળની જાણકારી આપવામાં આવશે.
- ઉમેદવારોએ ધ્યાનમાં રાખવું કે સામાન્ય રીતે કેન્દ્ર બદલવાની તેઓની વિનંતીને ધ્યાનમાં લેવાશે નહિ.

❒ **યોગ્યતાની શરતો :**

❒ **રાષ્ટ્રીયતા :**

ઉમેદવાર પાસે નીચેનામાંથી કોઈપણ એક લાયકાત હોવી જોઈએ. (૧) ભારતના નાગરિક અથવા (૨) ભૂતાનમાંથી આવેલ અથવા (૩) નેપાળમાંથી આવેલ અથવા (૪) તિબેટમાંથી ભારતમાં તા. ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં કાયમી વસવાટના ઈરાદાથી આવેલ અથવા (૫) મૂળ ભારતના નાગરિક કે જેમણે ભારતમાં કાયમી વસવાટ માટે પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા તથા પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે, કેનિયા, યુગાન્ડા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાન્જાનિયા (પૂર્વે ટાન્ગાનિકા અને ઝાંઝીબાર), ઝામ્બીયા, માલાવી, ઝૈર, ઈથોપિયા અને વિયેટનામમાંથી સ્થળાંતર કર્યું હોય.

- ઉપરોક્ત કેટેગરી (૨), (૩), (૪) અને (૫) માટે ઉમેદવારની લાયકાતનું -માણપત્ર ભારત સરકાર દ્વારા અપાયેલ હોવું જોઈએ.
- આમ છતાં નેપાળના ગુરખા ઉમેદવારોના કિસ્સામાં લાયકાતના -માણપત્રની જરૂર રહેતી નથી.

❒ **વય મર્યાદા, જાતિ અને વૈવાહિક દરજ્જો**

- ફક્ત ૨જી જુલાઈ, ૧૯૯૫ અને ૧લી જાન્યુઆરી ૧૯૯૮ વચ્ચે જન્મેલા અપરિણીત પુરૂષ ઉમેદવારો જ અરજી કરી શકશે.
- જન્મતારીખ અંગે મેટ્રિક્યુલેશન/હાયર સેકન્ડરી પરીક્ષાનું -માણપત્ર અથવા તેની સમકક્ષ -માણપત્રમાં જણાવેલી તારીખ જ માન્ય ગણવામાં આવશે.
- ઉમેદવારે સંપૂર્ણ તાલીમ પૂરી ન થાય ત્યાં સુધી અપરિણીત રહેવું પડશે. અરજી કર્યાની તારીખ બાદ લગ્ન કરનાર ઉમેદવાર પરીક્ષામાં સફળ થયા હોવા છતાં તાલીમ માટે પસંદ કરવામાં આવશે નહિ. તાલીમ દરમિયાન લગ્ન કરનારને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે અને તેમના માટે સરકારે કરેલ તમામ ખર્ચ તેમણે ભરપાઈ કરવાનો રહેશે.

❒ **શૈક્ષણિક લાયકાત :**

❖ **નેશનલ ડિફેન્સ એકેડેમીની આર્મી વિંગ માટે :**

શાળા શિક્ષણમાં ૧૦+૨ પદ્ધતિમાં ધોરણ ૧૨મું પાસ અથવા રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી તેની સમકક્ષ પરીક્ષા પાસ.

❖ **નેવલ ઍકેડેમીમાં ૧૦+૨ કેડેટ એન્ટ્રી સ્કીમ કોર્સ અને નેશનલ ડિફેન્સ ઍકેડેમીની નેવલ વિંગ અને એરફોર્સ વિંગ માટે :**

રાજ્ય પરીક્ષા બોર્ડ કે માન્ય યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ફિઝિક્સ અને મેથ્સના વિષય સાથેની ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણ ૧૨મુ પાસ અથવા તેની સમકક્ષ શાળા શિક્ષણ ૧૦+૨ પદ્ધતિ હેઠળ ➔

## સફળતાનું ઝરણું.....

### દિવ્ય પુરૂષાર્થ

કોઈ વ્યકિતની જવલંત કે ભવ્ય સફળતા જોઈને લોકો ઘણીવાર અંજાઈ જાય છે. અહો ! કેવી સફળતા ? પણ આ સફળતા પાછળ મહેનત, પરિશ્રમ, પુરૂષાર્થ જે હોય છે તે અનન્ય હોય છે. કેટલીક વખત આ પુરૂષાર્થ દિવ્ય પણ ભાસે છે. જીવનમાં ઉચ્ચ કક્ષાની સફળતાની જ્યારે અનુભુતિ થાય ત્યારે વ્યકિત પોતે અને તેના નજીકના સૌ કોઈ ધન્ય બની જાય છે.

આ પ્રકારની સફળતા પાછળ મહેનત હોય છે. મહેનત એક સાધારણ શબ્દ છે તેમ છતાં હાલના સમયમાં તેનું મહત્વ અદકેરૂ છે. અત્યારે વિદ્યાર્થી યુવાનોને સૌ કોઈ ભારપૂર્વક કહે છે કે ખૂબ મહેનત કરો આ ચક્કરમાં ઘણી વખત મહેનત અને મજુરીનું અંતર પણ ખતમ થઈ શકે છે. તેને શ્રમ કે પરિશ્રમ જેવા રૂપકડાં નામ અપાય છે પરંતુ મહેનતથી જયારે મન, વચન અને કર્મ એક બને છે. ત્યારે તે પુરૂષાર્થમાં જો કહેવા અને કરવા વચ્ચેનું ઓછું હોય તો સફળતા અને શાંતિ સાથે જોવા મળશે.

આ પ્રકારની સ્થિતિવાળાને કર્મયોગી પણ કહી શકાય. સફળતાથી આ લોકો અશાંત બનતા નથી, છકી જતાં નથી. આ પ્રકારનો દિવ્ય પુરૂષાર્થ સ્થિતિને આવા કર્મવીર પામી શકે છે છતાં કોઈ સારો કે નિષ્પક્ષ સત્સંગ મળે તો સ્થિતિનો તાગ પણ મેળવી શકાય છે. સારા લોકો સાથે બેસવાથી મનમાં ફેરફારો જાણી શકાશે. તે માટે કોઈ ખાસ પ્રયત્નોની જરૂર નથી પણ પોતાની જાતને શૂન્ય બનાવી થોડી માનસિક ખાલી જગ્યા છોડો. કોઈ ભજન કિર્તન કથા દેવદર્શન પ્રવચનમાં દુન્વયી વિચારો છોડી તે પરિસ્થિતિને શાંત ચિત્તે જાણો, માણો તો ત્યાંના તરંગોથી તાજા માજા થઈ શકાય છે. અત્રે નિસ્પૃહી થવું પડે છે. આ પ્રકારનો સત્સંગ વધુ મહેનતની પ્રેરણા આપશે જે વધુ સફળતા તરફ દોરી જશે.

કોઈ કસોટી, પરીક્ષા કે સ્પર્ધા વખતે પણ ફક્ત વાંચન, લેખન મહાવરા ઉપરાંત મનન અને યોગ્ય સત્સંગથી આપની મહેનત પુરૂષાર્થમાં પલટાઈ શકે છે. જે ભવ્ય સફળતા તરફ દોરી જશે.

સૌજન્ય-'સફળતાનો સંકલ્પ'

➔

ધોરણ ૧૨ની કે તેની સમકક્ષ પરીક્ષામાં બેઠા હોય તેવા ઉમેદવારો પણ અરજી કરી શકશે.

- ધોરણ ૧૨ની પરીક્ષામાં બેઠા હોય તેવા ઉમેદવારો આ પરીક્ષા માટે અરજી કરી શકે છે.
- લાયકાત ધરાવતા ઉમેદવારોએ એસ.એસ.બી.ના ઈન્ટરવ્યૂ વખતે મેટ્રિક અને/અથવા ધોરણ-૧૨ પાસ અથવા તેની સમકક્ષ પરીક્ષાના મૂળ -માણપત્રો અને તેની ઝેરોક્ષ નકલ સાથે **Addi. Directorate General of Recruiting, Army HQ., WEST BLOCK-III, R. K. PURAM, NEW DELHI-110 066** ને અને નેવલ એકેડેમીના ઉમેદવારોએ આવા -માણપત્રો **NAVAL HQ. DMPR (OI & R) SECTION, Room No. 204-C-WING, SENA BHAVAN, NEW DELHI-110 011** ને **તા. ૧૦-૬-૨૦૧૪** સુધીમાં મોકલવાના રહેશે.
- આમ નહિ કરનાર ઉમેદવારોની ઉમેદવારી રદ થવાને પાત્ર ગણાશે. બૉર્ડ અને યુનિવર્સિટી દ્વારા -માણપત્ર આપવામાં ન આવ્યા હોય તેવા કિસ્સામાં જે તે સંસ્થાના આચાર્યએ આપેલ મૂળ -માણપત્રો માન્ય ગણાશે, જે તે -માણપત્રોની ખરી નકલો કે ફોટોસ્ટેટ નકલો સ્વીકારવામાં આવશે નહીં.
- ઉપરોક્ત શૈક્ષણિક લાયકાતના નિયમમાં દર્શાવેલ લાયકાતનાં -માણપત્રો ન ધરાવતા હોય પરંતુ કમિશને નક્કી કરેલા ધોરણોનાં અન્ય -માણપત્રો ધરાવનાર ઉમેદવારોની બાબતમાં જો કમિશનને યોગ્ય લાગે તો ઉમેદવારની ઉમેદવારી માન્ય ગણાશે.
- સંરક્ષણ સેવામાં કોઈપણ -કારનું કમિશન ધારણ કરવા માટે સંરક્ષણ મંત્રાલય દ્વારા દૂર કરવામાં આવ્યા હોય તેવા ઉમેદવારો આ પરીક્ષામાં -વેશ માટે લાયક ગણાશે નહિ અને જો -વેશ આપવામાં આવશે તો પણ તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે. આઈ.એન.એસ.બી./પી.એ.બી.ટી.માં નિષ્ફળ જનાર ઉમેદવાર એરફોર્સ માટે ગેરલાયક ગણાશે.

❐ **શારીરિક ધોરણો :** ઉમેદવારો નેશનલ ડિફેન્સ ઍકેડેમી અને નેવલ ઍકેડેમી એક્ઝામિનેશન (૨), ૨૦૧૩માં -વેશ મેળવવા માટે એપેન્ડિક્ષ-IV માં આપેલી માર્ગદર્શિકા મુજબનાં શારીરિક ધોરણો અનુસાર શારીરિક રીતે સક્ષમ હોવા જોઈએ.

❐ **ફી :**

❐ **ઓનલાઇન અરજી :** ઓનલાઈન અરજી માટે ઉમેદવારોએ અરજી ફી તરીકે રૂા. ૧૦૦ ચૂકવવાના છે. (અ.જા./અ.જ.જા. વર્ગના ઉમેદવારોએ ફી ચૂકવવાની નથી.) અરજી ફી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર/હૈદરાબાદ/પટીયાલા/મૈસુર/ત્રાવણકોરની કોઈપણ બ્રાન્ચમાં રોકડમાં અથવા એસ.બી.આઈ.ની નેટ બેંકીંગ સુવિધા દ્વારા અથવા વીસા/માસ્ટર ક્રેડિટ/ડેબિટ કાર્ડ દ્વારા ચૂકવી શકાશે.

❑ **પસંદગી પ્રક્રિયા :**

- પસંદગી પ્રક્રિયા બે તબક્કામાં યોજાશે. પસંદગી કેન્દ્રો/એરફોર્સ સિલેકશન બોર્ડસ ખાતે સાયકોલોજીકલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ અને ઈન્ટેલીજન્સ ટેસ્ટ યોજવામાં આવશે.
- પસંદગી કેન્દ્રો/એરફોર્સ સિલેકશન બોર્ડસ ખાતે રિપોર્ટીંગ વખતે એટલે કે પ્રથમ દિવસે પ્રથમ તબક્કાની કસોટી આપવાની રહેશે.
- જે ઉમેદવારો પ્રથમ તબક્કામાં સફળ થશે તેઓને જ આગળની પસંદગી પ્રક્રિયામાં સામેલ કરાશે.
- બીજા તબક્કા માટે પસંદ થયેલા ઉમેદવારોએ મેટ્રિક્યુલેશન પાસ પ્રમાણપત્ર અને ૧૦+૨ પરીક્ષા પાસ કર્યાનું અસલ અને પ્રમાણિત નકલો રજૂ કરવી.
- પસંદગી પ્રક્રિયામાં ઉમેદવારોએ સ્વયંના જોખમે અને ખર્ચે ભાગ લેવાનો રહેશે. ઈજા કે નુકશાન બદલ કોઈ વળતર મળશે નહિ. આ અંગે ઉમેદવારોએ વાલીની સંમતિ અંગેનું સહી સાથેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- લશ્કર અને નેવી માટે ઉમેદવારોએ લેખિત પરીક્ષા અને અધિકારીઓની ક્ષમતા કસોટી આપીને નક્કી કરેલી ઓછામાં ઓછા લાયકી ગુણ મેળવવા જરૂરી છે. એરફોર્સ માટેની ઉમેદવારોએ લેખિત પરીક્ષા, અધિકારીઓની ક્ષમતા કસોટી અને પાયલોટ એપ્ટિટ્યૂડ ટેસ્ટમાં આયોગે નક્કી કરેલા લઘુત્તમ લાયકી ગુણ પ્રાપ્ત કરવાના રહેશે.
- લાયકી ગુણ પ્રાપ્ત કરનાર ઉમેદવારોનું ત્યારબાદ ત્રણ અલગ અલગ કેટેગરી જેવી કે આર્મી અને નેવી, એરફોર્સ તથા નેવલ એકેડેમીમાં અંતિમ પસંદગી માટેનું મેરીટ લીસ્ટ તૈયાર થશે.
- જે ઉમેદવારો એનડીએની તમામ સેવાઓ તથા નેવલ એકેડેમી માટે લાયક ઠરેલ હોય તેનું નામ ઉપર જણાવ્યા મુજબ ત્રણેય કેટેગરી માટેના મેરીટ લીસ્ટમાં હોવું જરૂરી છે.
- ઉમેદવારે દર્શાવેલ પસંદગી મુજબ ત્રણેય કેટેગરીમાં અંતિમ સમયે ઉપલબ્ધ જગાઓના આધારે ઉમેદવારોની તબીબી સુસજ્જતા અને અન્ય ધારાધોરણ પૂર્ણ કરવાની શરતે પ્રવેશ આપવામાં આવશે.
- એરફોર્સ માટે ઈચ્છુક દરેક ઉમેદવારે પાયલોટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ એક વાર આપવી જરૂરી છે. PAT માં મેળવેલ ગ્રેડ ત્યારપછીના એરફોર્સ સિલેકશન બોર્ડના તમામ ઈન્ટરવ્યૂ માટે સારો ગણવામાં આવશે. જે ઉમેદવારો પ્રથમ વખતની PATમાં નિષ્ફળ જશે તેઓ એરફોર્સ વીંગ અથવા જનરલ ડ્યૂટી (પાયલોટ) શાખા અથવા નેવલ એર આર્મ માટે અરજી કરી શકશે નહિ.
- જે ઉમેદવારોએ અગાઉ એનડીએ કોર્સ માટે PAT સફળતાથી પાસ કરી હોય તો તેઓ પણ એરફોર્સની વીંગ માટે અરજી કરી શકે છે.

❐ **અરજી કેવી રીતે કરશો ?**

❐ **ઓનલાઇન અરજી :** ઉમેદવારોએ યુ.પી. એસ.સી.ની વેબસાઈટ **www.upsconline.nic.in** ઉપર ઓન લાઇન અરજી કરવાની છે. વિગતો આગળ જણાવેલી છે.

- સશસ્ત્ર દળોમાં નોકરી કરતા હોય તે સિવાય બધા જ ઉમેદવારોએ, કમિશનને સીધી જ અરજી કરવાની રહેશે. જો ઉમેદવાર તેમની અરજી ખાતા મારફત મોકલાવશે પછી ભલે તેમણે છેલ્લી તારીખ પહેલાં મોકલાવી હશે પણ કમિશનને મોડી મળશે તો તે ધ્યાનમાં લેવાશે નહિ.
- જાહેર સાહસમાં કામ કરતા કર્મચારીઓએ તેમના ખાતા/વિભાગના વડાને તેઓ આ પરીક્ષા આપવા ઈચ્છે છે તેની જાણ લેખિતમાં અવશ્ય કરવી.
- જો ઉમેદવારોના અગાઉના નોકરીદાતા તરફથી કમિશનને પરીક્ષાના -વેશ અંગેની અરજી સ્થગિત કરવાનો પત્ર મળશે તો તેઓની અરજી રદ કરવામાં આવશે/તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ઉમેદવારે અરજીપત્રક ભરતી વખતે યોગ્ય કાળજી રાખવી, અરજીપત્રકની કોઈપણ કોલમ ભર્યા વગરની બાકી રહી ન જાય તેનું ધ્યાન રાખવું. અધૂરી અને ખામીવાળી અરજી રદબાતલ કરાશે. કોઈપણ સંજોગોમાં આ બાબત અંગેના પત્રવ્યવહાર કે રજૂઆતને -ોત્સાહન આપવામાં આવશે નહિ.
- **ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અ.જા., અ.જ.જા. અને અ.પ.વ. અંગેના -માણપત્રો અરજીપત્રક સાથે મોકલવાની જરૂર નથી.** ઉમેદવારોએ એ વાતની ખાતરી કરી લેવી કે તેઓ પરીક્ષા અંગેની યોગ્યતાની શરતો પરિપૂર્ણ કરે છે કે કેમ ? જો કે તેઓનો -વેશ કામચલાઉ જ ગણવામાં આવશે. યોગ્યતાની શરતોમાં પાછળથી કોઈ ફેરફાર જણાશે તો તેઓએ યોગ્યતાની શરતો પૂર્ણ કરી છે તેમ મનાશે નહિ અને પરીક્ષા માટેની તેઓની ઉમેદવારી રદબાતલ ગણવામાં આવશે. લેખિત પરીક્ષાના પરિણામ સામાન્ય રીતે **નવેમ્બર-૨૦૧૩**માં જાહેર કરાશે.
- મૂળ -માણપત્રો ઈન્ટરવ્યૂ સમયે રજૂ કરવાનાં રહેશે.

❑ **અગત્યનું**

કમિશન સાથેના બધા પત્રવ્યવહારમાં નીચેની વિગતો હોવી જોઈએ.

(૧) પરીક્ષાનું નામ અને વર્ષ (૨) રજીસ્ટ્રેશન આઈ.ડી. (RID) (૩) રોલ નંબર (જો -ાપ્ત થયો હોય તો) (૪) ઉમેદવારનું નામ (પૂરૂં નામ બ્લોક લેટર્સમાં ) (૫) અરજીપત્રકમાં દર્શાવેલું ટપાલનું સરનામું : ✱ ઉપરની વિગતો વગરના પત્રવ્યવહારને -ોત્સાહન અપાશે નહિ. ✱ અરજી કર્યા બાદ ઉમેદવારના સરનામામાં ફેરફાર થાય તો સત્વરે આયોગને જાણ કરવાની રહેશે. ✱ ઉમેદવારના નામની ભલામણ થઈ હોય તેમના સરનામા અંગે પૂછપરછ કે વિનંતી અંગે આર્મી -થમ પસંદગી તરીકે દર્શાવ્યા હોય તેવા કિસ્સામાં સીધુ નીચેના સરનામે લખવું.

**ARMY HEAD QUARTERS,
A.G'S. BRANCH, RTG. NDA ENTRY,
WEST BLOCK-III, GROUND FLOOR, WING-1,
RAMAKRISHNAPURAM, NEW DELHI-110 066.**

**PHONE NO. 26175473**

નેવી/નેવલ એકેડેમીની -થમ પસંદગીવાળા ઉમેદવારોએ નીચેના સરનામે જાણ કરવાની રહેશે.

**NAVAL HQ, DIRECTORATE OF MANPOWER OF RECRUITMENT
(OI & R SECTION),
ROOM NO. 204, 'C' WING, SENA BHAVAN,
NEW DELHI-110 011. PHONE NO. 23010151**

એરફોર્સને -થમ પસંદગી તરીકે દર્શાવ્યું હોય તેવા કિસ્સામાં સરનામામાં ફેરફાર અંગેની જાણ નીચેના સરનામે કરવી.

**PO-3(A) / AIR HEAD QUARTERS,
DIRECTORATE OF PERSONNEL (OFFICER),
'J' BLOCK, ROOM NO. 17, NEW DELHI-110 011.**

**PHONE NO. 23010231**

એસ.એસ.બી. ઈન્ટરવ્યૂ વખતે કોલ અપ લેટરમાં દર્શાવવામાં આવેલી તારીખે ઉમેદવારે હાજર રહેવું. ખરેખર યોગ્ય કારણ હોય તો અને વહીવટી રીતે સુગમ પડે તેમ હોય તો ઈન્ટરવ્યૂ મુલત્વી રાખવાની આખરી સત્તા આર્મી, નેવલ અને એર હેડકવાર્ટર્સની રહેશે.

**નોંધ :** *એસ.એસ.બી.ના માટેના ઈન્ટરવ્યૂ માટે ઉમેદવારને ઈન્ટરવ્યૂ કોલલેટર મળ્યો ન હોય તે ઉમેદવારે આર્મીને □થમ પસંદગી તરીકે દર્શાવ્યા હોય તેવા કિસ્સામાં નીચેના સરનામે જાણ કરવી.*

**THE ARMY HEAD QUARTERS,
RTG, NDA ENTRY, WEST BLOCK-III,
RAMAKRISHNAPURAM, NEW DELHI-110 066.**

**નોંધ :** *નેવલ એકેડેમી અને એરફોર્સ એકેડમીની □થમ પસંદગી તરીકે દર્શાવેલ હોય તો આ માટે ઉપર નિર્દિષ્ટ નેવલ અને એરફોર્સ હેડ ક્વાર્ટર્સના સરનામે જાણ કરવાની રહેશે.*

❐ **ઈન્ટરવ્યૂ :**

લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોના જાન્યુઆરીથી એપ્રિલ-૨૦૧૪ના પ્રથમ સપ્તાહમાં ઈન્ટરવ્યૂ યોજાશે.

**ડેપ્યુટી સેક્રેટરી, યુ.પી.એસ.સી.**

## APPENDIX - 1

**(The Scheme and Syllabus of Examination)**

❐ **SCHEME OF EXAMINATION**

1. The subjects of the written examination, the time allowed and the maximum marks alloted to each subject will be as follows :

| Subject | Code | Duration | Max. Marks |
|---|---|---|---|
| Mathematics | 01 | 2 1/2 hours | 300 |
| General Ability Test | 02 | 2 1/2 hours | 600 |
| | | **Total** | **900** |

2. THE PAPERS IN ALL THE SUBJECTS WILL CONSIST OF OBJECTIVE TYPE QUESTIONS ONLY. THE QUESTION PAPERS (TEST BOOKLETS) OF MATHEMATICS AND PART "B" OF GENERAL ABILITY TEST WILL BE SET BILINGUALLY IN HINDI AS WELL AS ENGLISH.
3. In the question papers, wherever necessary, questions involving the Metric Systems of Weights and Measures only will be set.
4. Candidates must write the papers in their own hand. In no circumstances will they be allowed the help of a scribe to write the answers for them.
5. The Commission have discretion to fix qualifying marks in any or all the subjects at the examination.
6. The candidates are not permitted to use calculator or Mathematical or logarithmic table for answering objective type papers (Test Booklets). They should not therefore, bring the same inside the Examination Hall.

❑ **INTELLIGENCE AND PERSONALITY TEST :** In addition to the interview the candidates will be put to Intelligence Tests both verbal and non-verbal, designed to assess their basic intelligence. They will also be put to Group Tests such as group discussions, group planning, outdoor group tasks and asked to give brief lectures on specified subjects.

## APPENDIX-II

**INSTRUCTIONS TO THE CANDIDATES FOR FILLING ONLINE APPLICATIONS**

Candidates are required to apply Online using the website **http://www.upsconline.nic.in**

Salient Features of the system of Online Application Form are given hereunder :

- Detailed instructions for filling up Online applications are available on the above mentioned website.
- Candidates will be required to complete the Online Application form containing two stages viz. Part-I and Part-II as per the instructions available in the above mentioned site through drop down menu.

*(અનુસંધાન પાના નં. ૫ ઉપર)*

ભારતીય સંરક્ષણ દળમાં

# યુવાનો માટે આર્મી ઓફિસર બનવાની ઉત્તમ તક

**૧૧૮મો ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ (જાન્યુઆરી-૨૦૧૪)**

**ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૩-૬-૨૦૧૩**

**જગાઓની કુલ સંખ્યા : ૧૦૦**

### ❑ પ્રવેશનો પ્રકાર :

**૧૧૮મો ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ :** હંગામી કેન્દ્રિય/રાજ્ય સરકારના કર્મચારીઓ, સંરક્ષણ દળ અને ક્ષેત્રિય સંરક્ષણ દળ (ટેરિટોરિયલ આર્મી ઓફિસર સહિત)માં સેવા બજાવતા કર્મચારીઓ અને નૌકાદળ તેમજ હવાઈ દળમાં સેવા બજાવતા કર્મચારીઓ સહિતના એન્જિનિયરીંગ ગ્રેજ્યુએટ એવા પરીણિત/અપરીણિત ભારતીય નાગરિક ઉમેદવારો પાસેથી સંરક્ષણ દળમાં પરમેનન્ટ કમિશન માટે અરજીઓ મંગાવવામાં આવે છે. TGC હેઠળ આર્મી એજ્યુકેશન કોપ્સ માટે પણ પરમેનન્ટ કમિશન આપવામાં આવશે.

### ❑ જગાઓની સંખ્યા : કુલ-૮૦

| ક્રમ | શાખા | જગ્યાઓ |
|---|---|---|
| ૧. | સિવિલ | ૧૫ |
| ૨. | મિકેનિકલ | ૧૫ |
| ૩. | ઈલેકિટ્રકલ/ઈલેકિટ્રકલ એન્ડ ઈલેકટ્રોનિકસ | ૧૦ |
| ૪. | ઓટોમોબાઈલ/વર્કશોપ ટેકનોલોજી | ૦૨ |
| ૫. | એરોનોટિકલ/એવિએશન/એરોસ્પેસ/બેલાસ્ટિક/ એવિયોનિકસ | ૦૨ |
| ૬. | કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિ./કોમ્પ્યુટર ટેકનોલોજી/ આઈ.ટી./એમએસસી.-કોમ્પ્યુટર સાયન્સ | ૦૬ |
| ૭. | ઈલેકટ્રોનિકસ એન્ડ ટેલિકોમ/ટેલિ કોમ્યુનિકેશન/ ઈલેકટ્રોનિકસ એન્ડ માઈક્રોવેવ | ૧૦ |
| ૮. | ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન/ઈન્સ્ટ્રુમેન્ટેશન | ૦૩ |
| ૯. | આર્કિટેકચર/બિલ્ડીંગ કન્સ્ટ્રકશન ટેકનોલોજી | ૦૨ |
| ૧૦. | ફુડ ટેકનોલોજી/બાયો ટેકનોલોજી/ બાયો મેડિકલ એન્જિ. | ૦૨ |
| ૧૧. | કેમિકલ એન્જિનિયરીંગ | ૦૨ |
| ૧૨. | મેટાલર્જી એન્ડ એકસપ્લોઝિવ/મેટાલર્જીકલ એન્જિ. | ૦૧ |
| ૧૩. | ઈન્ડસ્ટ્રીયલ/મેન્યુફેકચરીંગ એન્જિ./ઈન્ડસ્ટ્રીયલ એન્જિ. એન્ડ મેનેજમેન્ટ/પ્રોડકશન | ૦૨ |
| ૧૪. | ઈલેકટ્રોનિકસ/ઓપ્ટો ઈલેકટ્રોનિકસ/ફાયબર ઓપ્ટિકસ/માઈક્રો ઈલે. એન્ડ માઈક્રોવેવ | ૦૮ |
| | કુલ | ૮૦ |
| | **આર્મી એજ્યુકેશન કોર્પ્સ (પુરૂષ) માટે :** અંગ્રેજી/ઈકોનોમિકસ/હિસ્ટ્રી/જિઓગ્રાફી/પોલિટિકલ સાયન્સ/સાયકોલોજી/ચાઈનીઝ/તિબેટન/બર્મીઝ/ પુસ્તો/દારી/અરેબિક પૈકી કોઈ એક વિષયમાં એમ.એ. અથવા ફિઝિકસ/કેમિસ્ટ્રી/મેથ્સ/કોમ્પ્યુટર સાયન્સ પૈકી કોઈ એક વિષયમાં એમ.એસસી. | ૨૦ |

### ❑ યોગ્યતાની શરતો :

**(અ) રાષ્ટ્રીયતા :** ઉમેદવાર (૧) ભારતના નાગરિક, અથવા (૨) ભૂતાનના પ્રજાજન, અથવા (૩) નેપાળના પ્રજાજન, અથવા (૪) ૧લી જાન્યુઆરી ૧૯૬૨ પહેલાં ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલા તિબેટના નિર્વાસીત, અથવા (૫) પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા અને કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રીપબ્લીક ઓફ ટાન્ઝાનીયા, ઝાંબીયા, માલાવી, ઝૈર, ઈથોપીયા જેવા પૂર્વ આફ્રિકાના દેશો અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી ધોરણે વસવાટ કરવાના ઈરાદાથી આવેલા મૂળ ભારતીય પ્રજાજન.

ઉપર જણાવેલ (૨), (૩), (૪) અને (૫) કક્ષાઓના ઉમેદવારોએ ભારત સરકાર પાસેથી યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવેલું હોવું જોઈએ. નેપાળના ગુરખા પ્રજાજનો માટે આવું પ્રમાણપત્ર જરૂરી નથી.

### ❑ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત :

♦ **એન્જિનિયર્સ માટે :** માન્ય યુનિવર્સિટીમાંથી ઉપર દર્શાવેલ વિષયો સાથે બી.ટેક./બી.ઈ. થયેલા હોવા જોઈએ એન્જિનિયરીંગ સ્નાતકના અંતિમ વર્ષમાં હોય તથા બી.ઈ.માં ક્વોલીફાઈડ સ્નાતક હોય તેવા ઉમેદવાર અરજી કરવાપાત્ર છે. તાલીમમાં જોડાવવાના સમયે ઉમેદવાર ક્વોલીફાઈડ એન્જિનિયરીંગ સ્નાતક થયેલા હોવા જરૂરી છે. ડિગ્રી પ્રમાણપત્ર પ્રાપ્ત ન થયું હોય તેવા ઉમેદવારોએ તાલીમ પ્રારંભ થયાના ૧૨ સપ્તાહમાં ઈન્ડિયન મીલીટરી એકેડમી (IMA) ખાતે ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરી દેવાનું રહેશે. જો આવા ઉમેદવાર નિયત સમયમાં ડિગ્રી પ્રમાણપત્ર રજૂ કરવામાં નિષ્ફળ જશે તો તેઓ પાસેથી બોન્ડમાં જણાવ્યાનુસાર તાલીમનો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે.

♦ **આર્મી એજ્યુકેશન કોર્પ્સ:** ઉપર જણાવેલા વિષયોમાં એ.આઈ.યુ. દ્વારા પ્રથમ અથવા બીજા ડિવિઝનમાં માન્ય યુનિવર્સિટીની એમએ/એમ.એસસી ડિગ્રી મેળવેલી હોવી જોઈએ.

### ❑ વયમર્યાદા :

♦ **TGC એન્જિનિયરીંગ સ્નાતકો માટે :** ૨૦ થી ૨૭ વર્ષ, ઉમેદવાર ૨જી જાન્યુઆરી, ૧૯૮૭ અને ૧લી જાન્યુઆરી, ૧૯૯૪ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

♦ **આર્મી એજ્યુકેશન કોર્પ્સ માટે :** (AEC) ૨૩ થી ૨૭ વર્ષ. ૨જી જાન્યુઆરી, ૧૯૮૭ અને ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ વચ્ચે જન્મેલા હોવા જોઈએ.

### ❑ પસંદગી પ્રક્રિયા :

પસંદગી પ્રક્રિયા નીચે જણાવ્યા મુજબની રહેશે.

♦ એડિશનલ ડાયરેક્ટર જનરલ રિક્રૂટીંગ આર્મી હેડકવાર્ટસ ખાતે અરજીઓની પ્રાથમિક ચકાસણી અને તારવણી કરવામાં આવશે અને એ.ડી.જી., રિક્રૂટીંગનો નિર્ણય આખરી ગણાશે. આ બાબતે કોઈપણ રજુઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

♦ જે ઉમેદવારોની અરજીઓ યોગ્ય જણાશે અને લાયકાતની પરીક્ષામાં એકંદર મેળવેલ ગુણના આધારે તેઓની યોગ્યતા ચકાસવા અલ્હાબાદ, ભોપાલ, બેંગ્લોર ખાતે બોલાવવામાં આવશે. જયાં સાયકોલોજીસ્ટ, ગ્રુપ ટેસ્ટીંગ ઓફિસર, ઈન્ટરવ્યૂઈંગ ઓફિસર દ્વારા યોગ્યતા ચકાસવામાં આવશે. ઉમેદવારના ઈન્ટરવ્યૂ સ્થાનિક કેન્દ્રમાં થશે નહીં.

♦ ભલામણ કરવામાં આવેલા ઉમેદવારોનું મેરિટ લિસ્ટ ડી.જી. રિક્રૂટીંગના રિસેપ્શન ઉપર મૂકવામાં આવશે, સાથે સાથે આર્મીની વેબસાઈટ www.joinindianarmy.nic.in ઉપર પણ મૂકવામાં આવશે. જે ઉમેદવારો TGC ની આ મેરિટ યાદીમાં સ્થાન ન મેળવી શક્યા હોય તો તેઓને SSC(T) માં મર્જ કરવામાં આવેલ TGC ના મેરિટ બાદ નવી તૈયાર થયેલી મેરિટ યાદી અનુસાર SSC(T) માટે ઓફર કરવામાં આવશે.

♦ જે ઉમેદવારો સર્વિસ સિલેક્શન બૉર્ડ ખાતે ગુણવત્તા પ્રાપ્ત કરશે અને મેડીકલ બૉર્ડ દ્વારા તેઓને શારીરિક રીતે સક્ષમ જણાવવામાં આવશે તેઓને ગુણવત્તાક્રમમાં મુકવામાં આવશે. આ જ ક્રમમાં જે તે સમયે ખાલી જગાઓની સંખ્યાના આધારે આખરી પસંદગી યાદી બનાવવામાં આવશે.

♦ **બે તબક્કાની પસંદગી પ્રક્રિયા :**

♦ સિલેક્શન સેન્ટર ખાતે સાયકોલોજીકલ એપ્ટિટયુડ ટેસ્ટ આધારિત બે તબક્કાની પસંદગી પ્રક્રિયા દાખલ કરવામાં આવી છે. તમામ ઉમેદવારો સિલેક્શન સેન્ટર ખાતે હાજર થવાના પ્રથમ દિવસે પ્રથમ તબક્કાનો ટેસ્ટ આપશે. જે ઉમેદવારો પ્રથમ તબક્કાના ટેસ્ટમાં લાયક ઠરશે તેઓને બીજા તબક્કાના બાકીના તમામ ટેસ્ટમાં પ્રવેશ આપવામાં આવશે અને જેઓ પ્રથમ તબક્કાના ટેસ્ટમાં નિષ્ફળ જશે તેઓએ પાછા જવાનું રહેશે.

### ❑ તબીબી પરીક્ષા :

♦ સર્વિસ સિલેકશન બોર્ડે ભલામણ કરેલા તમામ ઉમેદવારોની સર્વિસ મેડિકલ ઓફિસરના બોર્ડ દ્વારા તબીબી ચકાસણી કરવામાં આવશે. મેડિકલ બોર્ડ જે ઉમેદવારોને સક્ષમ જાહેર કરશે તેઓને જ એકેડેમીમાં પ્રવેશ આપવામાં આવશે. સ્પેશીયલ મેડિકલ બોર્ડ દ્વારા સક્ષમ નહીં જાહેર કરાયેલા ઉમેદવારોને મેડિકલ બોર્ડના પ્રમુખ દ્વારા જાણ કરવામાં આવશે અને અપીલ મેડિકલ બોર્ડને વિનંતી માટેની કાર્યવાહીની જાણ પણ ઉમેદવારને કરવામાં આવશે. અયોગ્ય જાહેર કરાયેલા ઉમેદવારોએ વધુમાં વધુ ૪૨ દિવસમાં એ. એમ. બી.ને અપીલ કરવાની રહેશે.

♦ તબીબી પરીક્ષામાં સફળ થવા માટે ઉમેદવાર સારુ શારીરિક અને માનસિક આરોગ્ય ધરાવતા હોવા જોઈએ અને કાર્યક્ષમ રીતે ફરજ બજાવવામાં વિઘ્નરૂપ અપંગતાથી મુક્ત હોવા જોઈએ. ઉમેદવારને તેમના પોતાના હિતમાં કાનમાં મેલ, ડી. એન. એસ. હાઈડ્રોસીલ/ફીમોસીસ/રંગ અંધત્વ/વધુ પડતું વજન/ઓછું વજન, અવિકસીત છાતી, હરસ-મસા, ગાયનેકોમાસ્ટીયા, ટોન્સીલીટીસ અથવા વેરીકોસીલ જેવા રોગોને પ્રારંભિક તબીબી તપાસ એસ.એસ. સી. ઈન્ટરવ્યૂમાં હાજર થતાં પહેલાં કરાવી લેવી હિતાવહ છે.

### ❑ ઊંચાઈ અને વજન :

જે ઉમેદવારો પ્રવર્તમાન ધારાધોરણ મુજબ ઊંચાઈ/વજન અને દૃષ્ટિના ધોરણો ધરાવતા હશે તેઓને પ્રવેશ આપવામાં આવશે. લઘુત્તમ સ્વીકાર્ય ઊંચાઈ ૧૫૭.૫ સે.મી. છે.

### ❑ દૃષ્ટિનું ધોરણ :

♦ લઘુત્તમ સ્વીકાર્ય દૃષ્ટિ- દૂરની દૃષ્ટિ (સુધારેલ) સુધારેલ દૃષ્ટિ ૬/૬, નબળી દૃષ્ટિ- ૬/૧૮, ટૂંકી દૃષ્ટિ-૩.૫ કરતાં વધુ નબળી ન હોવી જોઈએ.

♦ જે ઉમેદવારોએ રેડીયલ કેરેટોટોમીનો આધાર દૃષ્ટિ સુધારણા માટે લીધો હશે તેઓને કાયમી ધોરણે રદ કરવામાં આવશે. તેમજ જે ઉમેદવારોએ લેસર સર્જરીનો આધાર લીધો હશે તેઓને ચોક્કસ ધારાધોરણોને આધિન રહીને સ્વીકારવામાં આવશે.

### ❑ આઈ.એમ.એ./ઓ.ટી.એ. ખાતે શારીરિક ક્ષમતાનું ધોરણ :

♦ આઈ. એમ.એ. ખાતેની શારીરિક તાલીમ વખતે કોઈપણ ઈજાથી બચવા માટે આશાસ્પદ ઉમેદવારોને વ્યાયામ કરવા અને પોતાને શારીરિક રીતે સક્ષમ રાખવા સલાહ આપવામાં આવે છે. આ સ્થળે સાનુકૂળ થવા માટે ઉમેદવારોને નીચે જણાવેલ લાયકાતો પ્રાપ્ત કરવા સલાહ આપવામાં આવ છે.

(૧) ૧૫ મિનિટમાં ૨.૪ કિ.મી. દોડવું. (૨) ૧૩ પુશ-અપ કરવા. (૩) ૨૫ સીટ-અપ કરવા. (૪) ૬ ચિન-અપ કરવા. (૫) ૩ થી ૪ મીટર સુધી રસ્સાચઢ

♦ જે ઉમેદવારો ટ્રેનિંગ એકેડેમી ખાતે લેવામાં આવતી શારીરિક કસોટીઓમાં પાસ થશે નહીં તેઓને ૬ માસની અંદર છૂટા કરવામાં આવશે.

❑ **તાલીમ અને કારકિર્દીની તક :** ટેકનીકલ ગ્રેજ્યુએટ કોર્સ માટે પસંદગી પામેલા ઉમેદવારોને સઘન તાલીમ માટે ઈન્ડિયન મીલીટરી એકેડમી, દહેરાદૂન ખાતે મોકલવામાં આવશે.

♦ **તાલીમનો સમયગાળો :** TGC માટે એક વર્ષ

♦ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટને અજમાયશી સમય દરમ્યાન લેફ્ટનન્ટની રેંકમાં શોર્ટ સર્વિસ કમિશન આપવામાં આવશે. તાલીમ દરમ્યાન લેફ્ટેનન્ટની કક્ષામાં પૂરો પૂરો પગાર અને અન્ય તમામ મળવાપાત્ર ભથ્થા મળી શકશે. પરંતુ તાલીમ પૂર્ણ થયા બાદ આ પગાર અને ભથ્થા ચૂકવવામાં આવશે.

♦ તાલીમ સમય દરમ્યાન ઉમેદવારને લગ્ન કરવાની મનાઈ છે તેમજ તાલીમ સ્થળે માતા-પિતા સાથે રાખી શકાશે નહીં. આઈએમએ ખાતે સઘન તાલીમ પૂર્ણ ન થાય ત્યા સુધી ઉમેદવાર લગ્ન કરી શકશે નહીં. જે ઉમેદવારો અરજી કર્યા બાદ એસએસબી ઈન્ટરવ્યૂ અને તબીબી પરીક્ષામાં સફળ થયા બાદ લગ્ન કરેલ માલૂમ પડશે તો તેઓનો સમાવેશ તાલીમ માટે થશે નહીં.

♦ તાલીમ સમય દરમ્યાન ઉમેદવાર જો લગ્ન કરશે તો તેઓને તાલીમમાંથી છૂટા કરી દેવાશે તેમજ તેઓની તાલીમ પાછળ સરકારે કરેલો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે. આ બાબત નિઃસંતાન વિધવા/નિઃસંતાન ત્યકતા તેમજ જવાનોની વિધવાને પણ લાગુ પડે છે.

♦ આઈએમએ ખાતે ઉમેદવારોને તાલીમ સરકારી ખર્ચે આપવામાં આવે છે.

♦ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટને લેફ્ટનન્ટની કક્ષામાં પરમેનન્ટ કમિશન આપવામાં આવશે અને કમિશન આપ્યાની તારીખથી

*(અનુસંધાન પાના નં. ૫ ઉપર)*

# Government OF INDIA
# BHABHA ATOMIC RESEARCH CENTER

## ADVERTISEMENT NO. 01/2013-R-III

### LAST DATE FOR RECEIPT OF APPLICATION 31.05.2013

Applications are invited for the following posts from eligible candidates against the vacancies in BARC and constituent units of DAE located in Mumbai and Navi Mumbai. -

| Category No. | Name of the post & Pay particulars | Details of Vacancies | | | | |
|---|---|---|---|---|---|---|
| | | UR | SC | ST | OBC | Total |
| 1 | Stenographer Grade - III (Pay Band.1: Rs.5200-20200 + Gr Pay. Rs. 2400/-),DA, HRA & Travelling allowance as admissible under Central Govt. rules. | 14 | 4 | 3 | 07 | 28 |
| 2 | Stenographer Grade - II (Pay Band.2: Rs.9300-34800 + Gr Pay. Rs. 4200/-),DA, HRA & Travelling allowance as admissible under Central Govt. rules. | 07 | - | 01 | - | 08 |

**2. EDUCATIONAL QUALIFICATIONS & EXPERIENCE : -**

| Category No. | Essential Qualifications & Experience | | Desirable Qualifications |
|---|---|---|---|
| 1. | (i)<br>(ii) | Matriculation or equivalent<br>Minimum speed of 80 w.p.m in English Shorthand & 30 w.p.m in English Typewriting | Knowledge of Computer Application, Data Entry & Data Processing, |
| 2. | (i)<br>(ii) | Matriculation or equivalent<br>Minimum speed of 100 w.p.m in English Shorthand and 45 w.p.m in English Typewriting | |

**Note :** In addition to the above mentioned essential qualification, preference will be given to candidates having knowledge of Hindi Typewriting & Shorthand.

**3. AGE LIMIT AS ON 31.05.2013** Min. 18 years for both the posts. Category wise Maximum age limit under relaxation is as given below :

| Category of candidates | Maximum Age (in years) | Condition for relaxation of age |
|---|---|---|
| General Candidates | 27 | N.A |
| Scheduled Caste/ Scheduled Tribe | 32 | Caste certificate should be issued by authorised authority in the prescribed format and the community should have been included in the Presidential orders in relation to the concerned state. |
| Other Backward Class | 30 | Caste certificate should be issued by authorised authority in the prescribed format with non-creamy layer certificate and the community should have been included in the Central lists of other Backward Caste. |
| Persons domiciled in Kashmir Division of Jammu Kashmir | 32 | Persons who had ordinarily been domiciled in Kashmir Division of the State of Jammu and Kashmir during the period from the 1st January 1980 to the 31st December 1989 provided that the relaxation in the upper age limit for appearing at any examination shall be subject to the maximum number of chances permissible under the relevant rules. Certificate should be from<br>1. The District Magistrate within whose jurisdiction he/she had ordinarily resided (or)<br>2. Any other authority designated in this behalf by the Government of Jammu & Kashmir to the effect that he had ordinarily been domiciled in the Kashmir Division of the State of Jammu & Kashmir during the period from the 1st day of January 1980 to the 31st day of December 1989 |
| Persons with Disability | SC/ST-<br>OBC-<br>Gen - | According to the persons with disabilities (Equal Opportunities, Protection of Rights and Full participation) Rules, 1996 notified on 31/12/1996 by the Central Government in exercise of the powers conferred by sub-section (1) and (2) of Section 73 of the Persons with Disabilities (Equal Opportunities, Protection of Rights and Full participation) Act, 1995 (1 of 1996), a disability certificate shall be issued by a Medical Board duly constituted by the Central or State Government. The certificate would be valid for a period of 5 years for those whose disability is temporary. The Medical Board shall indicate the period of validity of the certificate where there are chances of variation in the degree of disability. For those who acquired Permanent disability, the validity can be shown as permanent. Hearing Impairment means loss of 60 decibels or more in the better ear in the conversational range of frequencies. Physical deformity should not be less than 40 percentage. |
| Ex-Servicemen | | An ex-servicemen means a person who has served in any rank whether as a combatant or non-combatant in the Regular Army, Navy, Air Force of the Indian Union and<br>(i) Who retired from such service after earning his/her pension. This would also include persons who are retired /retire at their own request by after having earned their pension or<br>(ii) Who has been released from such service on medical grounds attributable to military service/circumstances beyond his control and awarded medical or other disability pension<br>(iii) Who has been released, otherwise than on his own request from such service as a result of reduction in establishment<br>or<br>(iv) Who has been released from such service after completing the specific period of engagements, otherwise than at this own request or by way of dismissal or discharged on account of misconduct or inefficiency, and has been given a gratuity and includes personnel of the Territorial Army of the following categories, namely :<br>(a) Pension holders for continous embodied service.<br>(b) Pension with disability attributable to military service and<br>(c) Gallantry award winners. |
| Departmental Candidates (For Central Government | | |
| For Stenographer Gr.III | SC/ST - 45<br>OBC - 43<br>Gen - 40 | Should have rendered not less than 3 years continuous regular central government service in the same or allied cadre as on 31.05.2013 (last date of application). |
| For Stenographer Gr.II | SC/ST - 37<br>OBC - 35<br>Gen - 32 | |

**Note:**

♦ The upper age limit is also relaxable suitably in cases of certain other categories such as Children/Family member of those died in 1984 riots, Ex-servicemen, repatriates, retrenched employees etc. as per rules.

♦ Reservation for Ex-servicemen will be applicable as per Government order for the post of Stenographer Gr.III only.

♦ Ex-Serviceman who have already secured employment in civil side under Central Government in Group C & D posts on regular basis after availing of the benefits of reservation given to ex-servicemen for their re-employment are NOT ELIGIBLE for claiming benefits of reservation under ex-serviceman category.

♦ The crucial date for determining the age limit shall be the closing date for receipt of applications from candidates in India (other than those in Andaman & Nicobar Islands and Lakshadweep).

♦ Only date of birth indicated in SSC/Secondary School Leaving Certificate/ Birth Certificate will be accepted. No subsequent request for change shall be granted.

❑ **METHOD OF SELECTION / RECRUITMENT:**

Selection will be made on qualifying the following examination. All tests will be held in Mumbai.

| Cate gory No. | Post | Syllabus of Screening/ Written Test* | Durat ion | Skill Test | Interview |
|---|---|---|---|---|---|
| 1 | Stenographer Grade-II | Paper I [General English] & Paper II [General Knowledge and Elementary Arithmetic] | 1 ½ Hrs | Steno-graphy Test [Typing to be done in Computer (MS word)] | Those who qualify in written test and skill test will be called for interview |
| 2 | Stenographer Grade-II | | | | |
| * Objective type questions with multiple-choice answer | | | | | |

♦ **Nature of Duties:**

Stenographer Grade - III & II : Taking dictation in shorthand and its transcription in e-media, fixing of appointments, attending telephone calls & visitors, general assistance in matters of correspondence, filing papers, movement of files, co-ordination with various agencies. Preparation of draft notes, letters, minutes etc

❑ **HOW TO APPLY: -**

1. Details of online applications are available in website **www.barcrecruit.gov.in**
2. Persons working under the Central / State Government/ Public Sector Undertakings should submit their "NO OBJECTION CERTIFICATE" at the time of interview.
3. Application will be accepted online only.

♦ **NOTE :**

a. SC/ST outstation candidates will be paid to and fro travelling allowance of second-class Railway fare by the shortest route (subject to production of tickets) as admissible under the Rules. However, Travelling Allowance is not admissible to those SC/ST candidates who are already in Central/State Government services, Central/State Government Corporation, Public Undertakings, Local Government Institutions and Panchayats and the Concession availed from Railways, if any, for undertaking journey for attending written examination.

b. Applications, which are not in conformity with the requirements indicated in the advertisement, are liable to be rejected at any stage.

c. Candidates may ensure that they fill in the correct information. Candidates who furnish false information will be disqualified for skill test/interview.

d. BARC reserves the right to fill up the post or even to cancel the whole process of recruitment without assigning any reasons.

e. Mere fulfilling the requirements as laid down in the advertisement does not guarantee candidates being called for written examination etc. No correspondence will be entertained with candidates not considered for written examination / stenography / typing test / oral interview / appointment.

f. More vacancies may also be filled through this advertisement. The vacancies shown above are provisional and subject to variation. The filling up of vacancies indicated in the advertisement is also subject to the approval of Competent Authority and may not be filled up if decided otherwise in terms of the orders issued from Government from time to time.

**CANVASSING IN ANY FORM WILL BE A DISQUALIFICATION**

**RECORDS OF THE CANDIDATES NOT SELECTED SHALL NOT BE PRESERVED**

**BEYOND 06 MONTHS FROM THE DATE OF PUBLICATION OF SELECT LIST.**

**This advertisement is also available on BARC website at www.barc.gov.in**

●

# DEPARTMENT OF POSTS

## OFFICE OF THE CHIEF POSTMASTER GENERAL, GUJARAT CIRCLE, AHMEDABAD-380001

**ADVT. No. R&E/1-1/SPORTS/2010-2012**

## SPORTS RECRUITMENT

It is hereby informed to all concerned that the notification issued as regards sports recruitment and published in newspapers on 12.05.2011 edition is treated as **cancelled**. Fresh notification inviting application from outstanding sports persons who have represented at International/ National/ Inter University/ National School Games (after 01.04.2010) are hereby called for, for recruitment to Postal/

Sorting Assistant, Postal Assistant in SBCO, Postman & Multi Tasking Staff cadres in Gujarat Postal Circle in the following disciplines of sports. Those who had applied in response to the earlier notification can also apply afresh. Total number of vacancies in each cadre is as follows-

**(I) PA/SA & PA SBCO: 17 (II) Postman: 12 (III) MTS: 13**

The requirement of personnel in sports quota in each of the following discipline is shown against each discipline. However, candidates short listed in each discipline would be offered appointments to appropriate cadre base on their educational qualifications.

| Sl. No. | Sports Discipline | Vacan-cies | Sl. No. | Sports Discipline | Vacan-cies |
|---|---|---|---|---|---|
| 1 | Basket Ball(Men) | 06 | 8 | Carrom(Men) | 01 |
| 2 | Volleyball (Men) | 04 | 9 | Athletic & Cycling (Men) | 06 |
| 3 | Kabaddi (Men) | 07 | | Athletic & Cycling (Women) | 03 |
| 4 | Cricket (Men) | 02 | 10 | Badminton (Men) | 03 |
| 5 | Wrestling (Men) | 03 | | Badminton (Women) | 01 |
| 6 | Table Tennis (Men) | 02 | 11 | Chess(Men) | 02 |
| 7 | Weight lifting, Power lifting & Best Physique. (Men) | 01 | | Chess (Women) | 01 |
| | | | | **Total** | 42 |

Prospectus and prescribed form can be downloaded from the website namely **indiapost.gov.in** using opportunities option or using **URL http://www.indiapost.gov.in/Recruitment.aspx.** The candidate has to credit Rs. 50/- (Rupees Fifty only) at any Post office counter and receipt there of should be attached with application.

The recruitment is for various cadre of Group "C" based on the field trial and educational qualifications.

Application should be sent to the undersigned on or before **25-05-2013** by Registered/Speed Post. Application sent by other means shall not be considered. Applications received after due date would not be entertained. No correspondents would be entertained regarding application / selection etc.

The decision of the Sports Selection Committee shall be final and any dispute would be subjected to the legal jurisdiction of CAT Ahmedabad.

**Asstt. Director Postal Services (R&E)**
**Gujarat Circle,**
**Ahmedabad-380001**

# ગુજરાત જાહેર સેવા આયોગ : અમદાવાદ

નીચે દર્શાવેલ જગ્યાઓ માટે **તા. ૨૨-૫-૨૦૧૩** સુધીમાં ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો નીચે દર્શાવવામાં આવી છે. જયારે બાકીની વિગતો જેવી કે અરજી પત્રક , ઉંમરમાં છૂટછાટ, કુલ જગ્યાઓ પૈકી અનામત જગ્યાઓ વિગેરે આયોગના નોટિસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબ સાઇટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધી જ વિગતો જોયા બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**જા.ક્રમાંક :** (૦૧/૨૦૧૩-૧૪) : ન્યુરો સર્જરીના સહ પ્રાધ્યાપક, વર્ગ-૧ની કુલ ૦૪ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યાઓ બિન અનામત તે પૈકી ૦૧ મહિલા અને ૦૧ જગ્યા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે અનામત. **જરૂરી લાયકાત :** એમ.સી.એચ.( ન્યુરો સર્જરી ) અથવા ભારતીય તબીબી પરિષદ દ્વારા માન્ય અન્ય સમકક્ષ અનુસ્નાતક લાયકાત. **અનુભવ :** માન્ય તબીબી કોલેજ અથવા તબીબી શિક્ષણ માટેની માન્ય સંસ્થામાં ન્યુરો સર્જરીમાં મદદનીશ પ્રાધ્યાપક (લેકચરર) તરીકેનો ૦૨ વર્ષનો અનુભવ. **ઈચ્છનીય :** ઈન્ડેક્ષ મેડીકસ રાષ્ટ્રીય જર્નલની સૂચિમાં દાખલ થયેલ ઓછામાં ઓછા ચાર સંશોધન પ્રકાશનનો અનુભવ. **પગાર :** રૂ. ૩૭,૪૦૦/૬૭,૦૦૦/- (પી.બી.-૩),ગ્રેડ પે રૂ. ૯,૦૦૦/- ઉંમર- ૪૦ વર્ષથી વધુ નહીં.

